# દિલ્હી બ્લાસ્ટની જવાબદારી જૈશ-ઉલ-હીંદ સંગઠને લીધી

## પોલીસને બ્લાસ્ટ સ્થળેથી એક કવર, દુપટ્ટો સહિતની વસ્તુઓ મળી : ઘટનાસ્થળ પાસેથી મળેલી ચિઠ્ઠીમાં ઈરાનના કાસિમ સુલેમાની અને વરિષ્ઠ ન્યૂક્લિઅર વૈજ્ઞાનિકનો ઉલ્લેખ, સીસીટીવી ફૂટેજમાં બે શંકાસ્પદ જોવા મળ્યા

ન્યુ દિલ્હી,તા.૩૦

રાજધાની દિલ્હીમાં ઈઝરાયલના દૂતાવાસ બહાર થયેલા બ્લાસ્ટમાં સૌથી મોટો ખુલાસો થયો છે. દૂતાવાસ નજીક થયેલા આઈઈડી બ્લાસ્ટની જવાબદારી જૈશ-ઉલ હીંદ નામના સંગઠને લીધી છે. આ સંગઠને દાવો કર્યો છે કે તેણે જ ઈઝરાયેલી દૂતાવાસની સામે બ્લાસ્ટ કરાવ્યો છે. દેશની ગુપ્તચર એજન્સી દ્વારા આ બાબતની તપાસ કરાવાઈ રહી છે.

દિલ્હી પોલીસના સૂત્રોના મતે ઈઝરાયલ દૂતાવાસ બહાર જ્યાં ગઈકાલે વિસ્ફોટ થયો હતો ત્યાં લાગેલા સીસીટીવી ફૂટેજથી માલુમ પડ્યું છે કે, એક કેબમાંથી બે સંદિગ્ધ શખ્સો દૂતાવાર પાસે ઉતર્યા હતા. જો કે હજી સુધી એ જાણી શકાયું નથી કે આ શખ્સોની વિસ્ફોટમાં કોઈ ભૂમિકા છે કે કેમ. દિલ્હી પોલીસની સ્પેશ્યલ સેલે સંબંધિત કેબ ડ્રાઈવરનો સંપર્ક કર્યો હતો અને બન્ને વ્યક્તિઓ વિશે પૂછપરછ કરી હતી. પોલીસે કેબ ડ્રાઈવર પાસેથી મળેલા ઈનપુટના આધારે બન્ને શખ્સોની તસવીરો તૈયાર કરી છે.









ઈઝરાયલ દૂતાવાસ પાસે શુક્રવારે સાંજે ઓછી તિવ્રતા સાથેનો વિસ્ફોટ થયા બાદ પોલીસ હાઈ એલર્ટ પર છે. સૂત્રોના મતે વિસ્ફોટમાં એમોનિયમ નાઈટ્રેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જો કે એવી આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ વિસ્ફોટ કોઈ મોટા કાવતરા પૂર્વેનું ટ્રાયલ પણ હોઈ શકે છે.

ફોરેન્સિક ટીમને વિસ્ફોટમાં એમોનિયમ નાઈટ્રેટનો ઉપયોગ થયો હોવાના પુરાવા મળ્યા છે, જેને પગલે બ્લાસ્ટના સ્થળે એક નાનકડો ખાડો પડી ગયો હતો. સૂત્રોના મતે જો આરડીએક્સનો ઉપયોગ થયો હોત તો તેને પ્રભાવ વધુ થયો હોત. પોલીસની એક અલગ ટીમે સીસીટીવી ફૂટેજના આધારે એક અર્ધબળેલો ગુલાબી દુપટ્ટો તેમજ વિસ્ફોટ સ્થળેથી ઈઝરાયલના રાજદૂતને સંબોધતું એક કવર પણ મેળવ્યું છે.

પોલીસને વિસ્ફોટના સ્થળ નજીક એક ઝાડ પાછળ કેમેરો પણ છુપાયેલો મળ્યો હતો. કેમેરામાંથી પ્રાપ્ત ફુટેજમાં ટાઈમસ્ટેમ્પ વર્ષ ૧૯૭૦નો હતો, પરંતુ ફુટેજ સ્પષ્ટ નથી. પોલીસ આ તમામ બાબતોની તપાસ કરી રહી છે.

ઘટનાસ્થળેથી જે કવર મળ્યું છે તે વિસ્ફોટ સ્થળેથી અંદાજે ૧૨ ગજના અંતરે હતું. પોલીસ સૂત્રોના મતે આ કવર ઈઝરાયલના રાજદૂતને સંબોધીને લખાયું હતું. પોલીસ તેના પર આંગળીઓના નિશાન અને કવરની અંદરના દસ્તાવેજની તપાસ કરી રહી છે.

આ વિસ્ફોટ વિજય ચોકથી થોડા અંતરે આવેલા ડો. એપીજે અબ્દુલ કલામ રોડ પર આવેલા ઈઝરાયલ દૂતાવાસ નજીક થયો હતો. ઓછી તીવ્રતાવાળા બ્લાસ્ટને પગલે કેટલીક ગાડીઓના કાચ તૂટી ગયા હતા. વિજય ચોક ખાતે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત કેટલાક વીવીઆઈપી બીટિંગ રિટ્રીટ સમારોહમાં ઉપસ્થિત હતા.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બંગાળ પ્રવાસ ટાળ્યો

નવી દિલ્હી, તા.૩૦

રાજધાની દિલ્હીમાં ખેડૂત આંદોલન દરમિયાન ૨૬ જાન્યુઆરીએ થયેલી હિંસાને કારણે વધેલા તણાવ અને ઈઝરાઈલી દૂતાવાસની બહાર થયેલા બ્લાસ્ટ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળની મુલાકાત મુલતવી રાખી છે. ગૃહમંત્રી શનિવાર અને રવિવારે ૨ રેલીઓને સંબોધિત કરવાના હતા. બ્લાસ્ટને લઈને તેઓ સતત ટોપ અધિકરીઓના સંપર્કમાં છે અને અપડેટ લઈ રહ્યા છે.

આ વર્ષે પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને અમિત શાહ ૩૦ જાન્યુઆરીએ ૨ દિવસીય પ્રવાસ પર પશ્ચિમ બંગાળની મુલાકાતે જવાના હતા. શનિવારે સવારે શાહનો ઈસ્કોન અને માયાપુર જવાનો કાર્યક્રમ હતો. આ પછી તેઓ ઉત્તર ૨૪ પરગણાના ઠાકુરનગર ખાતે એક જાહેર સભાને સંબોધન પણ કરવા જઈ રહ્યા હતા. ઉત્તર ૨૪ પરગણાના અનેક વિધાનસભા મતક્ષેત્રોમાં માતુઆ સમુદાયનું વર્ચસ્વ છે. બાદમાં સાંજે તેઓ ભાજપની સોશ્યલ મીડિયા ટીમ સાથે બેઠક કરવાના હતા. બીજા દિવસે ૩૧ જાન્યુઆરીએ તેઓ અરબિંદો ભવન અને ભારત સેવાશ્રમ સંઘની કચેરીઓની મુલાકાત લેવાના હતા. તેઓ હાવડામાં એક રેલીને પણ સંબોધન કરવાના હતા. હાવડાની રેલીમાં ભાષણ આપ્યા બાદ ગૃહમંત્રીની બાગડી પરિવાર સાથે જમવાની યોજના હતી. તેમણે બેલુર મઠની પણ મુલાકાત લેવાની હતી.

## છેલ્લે... છેલ્લે...

- લોકદળના નેતા અભય ચૌટાલા ભાજપ સાથે છેડો ફાડી ખેડૂત આંદોલનના સમર્થનમાં ગાઝીપુર બોર્ડર પહોંચ્યા.
- દક્ષિણ અમેરિકામાં ૭૦ હજાર લોકોએ રૂ. ૧૧૦૦ના ખર્ચે કોરોના વેક્સિન લીધી.
- જય શાહ એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ બન્યા.
- જૂનાગઢ જિલ્લા ભાજપમાં ભંગાણ, પૂર્વ મહામંત્રીનું રાજીનામુ.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મન કી બાતમાં પોતાના વિચારો વ્યક્ત કરશે.
- મુરાદાબાદ જિલ્લામાં બસ અને ટ્રક અથડાતા ૧૦ મુસાફરોના મોત, ૨૫ ને ઈજા.
- ફેબ્રુઆરીથી બેંક કર્મચારીઓનું ડીએ ૩૩ સ્લેબ વધશે.
- ખાપ પંચાયતે આકરો નિર્ણય કરીને બીજેપી અને જેજેપી નેતાઓનો બહિષ્કાર કરવાનો એલાન.
- પુલવામામાં આતંકી અને સેના વચ્ચેના ઘર્ષણમાં બે આતંકીઓએ સરેન્ડર કર્યુ.
- સુરત ડિસ્ટ્રીક્ટ બેંકની ચૂંટણીના ભાજપના બળવાખોર ઉમેદવારોનો વિજય.

# બજેટમાં કરમુક્તિ મર્યાદામાં વધારાની સંભાવના

**સાત વર્ષથી કરમુક્તિની મર્યાદામાં વધારો કરાયો નથીઃ કોરોના મહામારી સામેના જંગમાં થયેલા મોટા ખર્ચને સરભર કરવા સરકાર સેસ લાદશે**

નવી દિલ્હી, તા. ૩૦

આ સમયનું બજેટ સામાન્ય લોકો માટે ખૂબ જ ખાસ બની રહેશે. આ વખતે એક-બે નહીં, પરંતુ સરકાર તરફથી પૂરી ૫ મોટી ભેટ મળે તેવી શક્યતા છે. ચાલો જાણીએ કે આ વખતના બજેટ (બજેટ ૨૦૨૧-૨૨)માં સામાન્ય માણસ માટે કઈ ૫ મોટી જાહેરાતો કરવામાં આવી શકે છે.

૧ ફેબ્રુઆરીએ દેશનું બજેટ રજૂ થવાનું છે. આ બજેટથી સૌથી વધુ અપેક્ષાઓ મધ્યમ વર્ગ અને ખાસ કરીને પગારદાર વ્યક્તિને છે. કોરોનાના સમયગાળામાં, ઘણા લોકોએ નોકરી ગુમાવી હતી અને ઘણા લોકોના પગારમાં પણ કાપ મૂકવામાં આવ્યો હતો. લોકો આ બજેટમાં સરકાર પાસેથી થોડી વધુ અપેક્ષા રાખી રહ્યા છે. આ વખતના બજેટ (બજેટ ૨૦૨૧-૨૨)માં સામાન્ય લોકો માટે આ ૫ મોટી જાહેરાતો કરી શકાય છે.

બજેટ ૨૦૨૧-૨૨થી સૌથી મોટી અપેક્ષા એ છે કે આ વખતે સરકાર કરમુક્તિ મર્યાદામાં વધારો કરી શકે છે. હાલ કરમુક્તિ મર્યાદા ૨.૫ લાખ રૂપિયા છે, જે વધારીને ૩ લાખ રૂપિયા કરી શકાય છે. આની અપેક્ષા એટલા માટે પણ દેખાય છે કારણ કે, છેલ્લા લગભગ ૭ વર્ષથી આ મર્યાદમાં કોઈ ફેરફાર થયો નથી. જુલાઈ ૨૦૧૪ના બજેટમાં તે સમયનાં નાણાં પ્રધાન અરુણ જેટલીએ આ મર્યાદા ૨ લાખથી વધારીને ૨.૫ લાખ રૂપિયા કરી હતી.

હાલ આવકવેરા કાયદાની કલમ ૮૦સી હેઠળ આવકવેરામાં ૧.૫ લાખ રૂપિયા સુધી આવક પર ટેક્સની છૂટ મળી શકે છે. આ વખતે તેને વધારીને ૨ લાખ રૂપિયા કરવામાં આવે તેવી સંભાવના છે. તેને બમણી એટલે કે ૩ લાખ રૂપિયા કરવી જોઈએ એવા સૂચનો પણ સરકારને મળ્યા છે. આમાં પણ છેલ્લા ૭ વર્ષથી કોઈ ફેરફાર પણ થયો નથી. જુલાઈ ૨૦૧૪માં તે સમયનાં નાણાં પ્રધાન અરુણ જેટલીએ તેને ૧ લાખથી વધારીને ૧.૫ લાખ રૂપિયા કરી હતી.

૨૦૨૦-૨૧નું આખું વર્ષ કોરોનાની ઝપેટમાં આવી ગયું છે. આ દરમિયાન ઘણા લોકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે અને તેમને દવા પાછળ ઘણો ખર્ચ કરવો પડી રહ્યો છે. ભવિષ્યના ખતરાને ધ્યાનમાં રાખીને ઘણા લોકોએ તેમના તબીબી વીમા કવરેજમાં પણ વધારો કર્યો હતો. કોરોનાના સમયગાળાને ધ્યાનમાં રાખીને એવી પણ આશા રાખવામાં આવી રહી છે કે તબીબી વીમાને ધ્યાનમાં રાખીને આ વખતે સરકાર ૮૦ ડી હેઠળ મળતા ૨૫૦૦૦ રુપિયાના ડિડક્શનને વધારીને ૫૦ હજાર રૂપિયા કરી શકે છે. વરિષ્ઠ નાગરિકો માટે આ મર્યાદા વધારીને ૭૫ હજાર રૂપિયા કરવામાં આવે તેવી સંભાવના છે.

# કલાર્કથી કલેક્ટર, સરપંચથી સાંસદ પાટીદાર હોવો જોઈએ

**ઊંઝામાં પહેલી વખત કડવા-લેઉવા પાટીદારોની બેઠક : ચિંતન બેઠકમાં પાટીદાર સમાજ એક બીજાના ટાંટિયા ન ખેંચે એવો શૂર ઊઠ્યો, બેઠકને ખૂબ અગત્યની મનાય છે**

ઊંઝા, તા. ૩૦

ખોડલ ધામના પ્રમુખ નરેશ પટેલ આજે ઊંઝાના ઉમિયા માતાજી (મંદિરે પહોંચ્યા હતા. તેમની સાથે ખોડલ ધામના ટ્રસ્ટીઓ પણ મંદિરે પહોંચતા સમયે ઊંઝા ઉમિયા ધામ દ્વારા વાજતે ગાજતે તેમનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

પાટીદાર સમાજની રાજકીય અને અધિકારી લેવલે નોંધ લેવાતી નથી. જે નોંધ લેવાય તે જરૂરી છે. તો ઊંઝા ઉમિયા ધામના પ્રમુખ મણીભાઈ પટેલ ઉર્ફે મમ્મીએ જણાવ્યું હતું કે, પાટીદાર સમાજ એક બીજાના ટાંટિયા ખેંચે નહીં અને સમાજને એક કરે તે જરૂરી છે.

આજની બેઠક કડવા અને લેઉઆ પાટીદાર સમાજ માટે ખૂબ અગત્યની સાબિત થશે. કારણ કે, ખોડલ ધામના નરેશ પટેલે સૌ પ્રથમવાર ઉમિયા ધામની મુલાકાત લીધી છે. અને બંને સંસ્થાઓએ ચિંતન બેઠક યોજી હતી. જેમાં કડવા અને લેઉઆ સમાજને એક મંચ પર લાવીને એક કરવા સૌએ હાંકલ કરી હતી. આ દરમિયાન નરેશ પટેલે નિવેદન આપ્યું હતું કે, પાટીદાર સમાજની રાજકીય અને અધિકારી લેવલે નોંધ લેવાતી નથી. જે નોંધ લેવાય તે જરૂરી છે. ક્લાર્કથી કલેક્ટર સુધી પાટીદાર હોવો જોઈએ. સંરપંચથી સાંસદ સુધી પાટીદાર હોવો જોઈએ. તો ઊંઝા ઉમિયા ધામના પ્રમુખ મણીભાઈ પટેલ ઉર્ફે મમ્મીએ જણાવ્યું હતું કે, પાટીદાર સમાજ એક બીજાના ટાંટિયા ખેંચે નહીં અને સમાજને એક કરે તે જરૂરી છે. કડવા અને લેઉઆ સમાજમાં રાજકીય સમજ આવે તે જરૂરી છે. બંને સમાજ એક થતા રાજકીય સમીકરણો પણ બદલાય તેવી શક્યતા છે. ઊંઝામાં આજે કડવા અને લેઉઆ પાટીદારોની બેઠક મળી જેમાં બન્ને સમાજ વચ્ચે સમરસતા વધે, સાથે-સાથે સામાજિક અને રાજકીય મહત્વ વધે તે મુદ્દા પર વિષેશ ચર્ચા કરવામાં આવી હતી. આવનારા સમયમાં બન્ને પાટીદાર સમાજ એક થઈને વ્યક્તિગત નહિ પણ સમાજના ઉત્થાનનાં કાર્ય કરશે. આ બેઠક થી સમાજની એકતાને ચોક્કસ વેગ મળશે એવું પાટીદાર આગેવાનો જણાવી રહ્યા હતા.

ઊંઝામાં કડવા પાટીદાર સમાજનું ભવ્ય ઉમિયા માતાજી મંદિર છે ત્યારે લેઉઆ પાટીદારના કુળદેવી ખોડિયાર માતાજીનું મંદિર નહિ હોવાથી લેઉઆ સમાજને ઉત્તર ગુજરાતમાં મજબૂત કરવા પાટણ જિલ્લાના સંડેરમાં ખોડલધામનું આયોજન થઈ રહ્યું હોવાનું હાલમાં સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

## ખેડબ્રહ્મા નગરપાલિકાનું ૨૧-૨૨નું ૭૯૭ લાખની પુરાતવાળું બજેટ મંજુર

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા નગર પાલિકાનું વર્ષ ૨૧-૨૨ના વર્ષનું ૭૯૭ લાખની પુરાંતવાળું સામન્ય બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું.

ખેડબ્રહ્મા નગરપાલિકાની કારોબારીની સભા ચેરમેન પ્રવિણસિંહ સોલંકીના અધ્યક્ષસ્થાને મળી હતી જેમાં પાલિકાનું વર્ષ-૨૧-૨૨ માટે બજેટ મંજુર કરવામાં આવ્યું હતું. મંજુર થયેલ બજેટ પાલિકાની સામાન્ય સભા શુક્રવારના રોજ પ્રમુખ સાગરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી જેમાં ૨૧-૨૨ના વર્ષનું ૭૯૭ લાખની પુરાંતવાળું બજેટ મંજુર કરવામાં આવ્યુ હતું. જે બજેટમાં વર્ષ ૨૧-૨૨ ના વર્ષની ઉઘડતી સિલક ૭.૩૮ કરોડ, વર્ષ દરમ્યાન આવક ૨૧.૪૦ કરોડ તથા કુલ ૨૦.૮૨ કરોડનો ખર્ચ અંદાજ રાખી ૭.૯૭ કરોડના પુરાતવાળું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જેને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું. ગત વર્ષના બજેટના અંદાજ કરતા ૨૧-૨૨ના વર્ષમાં આવક જાવકમાં વધારો દર્શાવામાં આવ્યો છે.

વર્ષ-૨૧-૨૨મા કારવેરાની આવક ૧.૯૫ લાખ, ઓક્ટ્રોય ૧.૦૦ કરોડ, ગ્રાન્ટની આવક ૧૩.૭૨ કરોડ સહિત ૨૮.૭૯ કરોડ આવક દર્શાવવામાં આવી છે.

જ્યારે જાવકમાં બાંધકામ ૧૧.૧૫ કરોડ, સામાન્ય વહીવટ ૩.૧૨ કરોડ, આરોગ્ય ૧૩.૩૪ કરોડ, દિવાબત્તી ૭૧ લાખ, વોટરવર્ક્સ ૧.૫૧ લાખ સહિત ૨૮.૭૯ કરોડ જાવક અંદાજવામાં આવી છે.

## પ્રાંતિજના કરોલ ખાતે આવેલ મહાકાળી માતાજીના મંદિરનો નવમો પાટોત્સવ ઉજવાયો

**માઇભક્તોએ મા ના દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી**

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કરોલ ખાતે આવેલ શ્રી મહાકાલી માતાજીના મંદિર



ખાતે એક દિવસીય નવમો પાટોત્સવ મહોત્સવ યોજાયો હતો જેમાં માઈ ભકતોએ મા ના દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

પ્રાંતિજ તાલુકાના કરોલ ખાતે આવેલ શ્રી મહાકાલી માતાજીના મંદિરનો નવમો એક દિવસીય પાટોત્સવ ઉજવાયો હતો જેમાં યજ્ઞ, મહાઆરતી, નવચંડી યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કરોલ ગામના ૨૦ માઈભક્તોએ લાભ લીધો હતો. જેમાં યજ્ઞના મુખ્ય યજમાન તરીકે પટેલ રોહિતભાઈ જગદીશભાઈએ લાભ લીધો હતો, જેના ભાગરૂપે યજ્ઞના યજમાનના શાસ્ત્રી તરીકે સુરેશભાઈ વ્યાસ દ્વારા યજ્ઞની વિધિવત પૂજા કરાવી હતી જેમાં ગામના યુવા વર્ગ દ્વારા મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પાટોત્સવના ભાગરૂપે ગામમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતુ અને આખુ ગામ ભકિતમય બન્યુ હતું. ગ્રામજનો સહિત આજુબાજુના ગ્રામજનો દ્વારા માતાજીના દર્શન કરી આરતી સહિત વિવિધ કાર્યક્રમોમાં હાજર રહીને પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી. આ એક દિવસીય પાટોત્સવને સફળ બનાવવા માટે કરોલ ગામના રામદેવ પીર યુવક મંડળના યુવાનો દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજ્યમાં આગામી બે દિવસ કાતિલ ઠંડી પડવાની સંભાવના

અમદાવાદ,તા.૩૦

રાજ્યભરમાં છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલી ગાત્રો થીજવતી ઠંડીનો ચમકારો યથાવત્ રહ્યો હતો. હજુ આગામી બે દિવસ કચ્છ સહિતના વિસ્તારોમાં કોલ્ડવેવની સ્થિતિ રહેવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. શુક્રવારે કચ્છના નલિયામાં ૪.૩ ડીગ્રી લઘુતમ તાપમાન રહેતાં સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. આ સિવાય પાટનગર ગાંધીનગરમાં પણ ૨ ડીગ્રી જેટલો પારો ગગડતાં લઘુતમ તાપમાન ૬.૮ ડીગ્રી નોધાયું હતું, જે છેલ્લાં કેટલાંક વર્ષમાં જાન્યુઆરી મહિનાનું સૌથી નીચું તાપમાન હોવાનું અનુમાન હવામાન નિષ્ણાતો લગાવી રહ્યા છે. આ સિવાય બનાસકાંઠાના ડીસામાં પણ લઘુતમ તાપમાનનો પારો ૭.૯ ડીગ્રી નોંધાતાં હાડ થીજવતી ઠંડીનો ચમકારો વર્તાયો હતો. અમદાવાદ શહેરમાં ગુરુવારે એક ડીગ્રી જેટલો પારો ઊંચકાયો હતો. શહેરમાં લઘુતમ તાપમાન ૧૧.૨ ડીગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક જિલ્લાઓમાં લઘુતમ તાપમાન સામાન્ય કરતાં નીચે રહ્યું હતું.

આ પછીના ૩ દિવસ દરમિયાન લઘુતમ તાપમાન ૨ ડીગ્રી સુધી વધતાં ઠંડીમાં ઘટાડો અનુભવાઈ શકે છે. નલિયામાં હજુ આગામી બે દિવસ પણ કોલ્ડવેવની સ્થિતિ રહેશે. દરમિયાન નલિયા-ગાંધીનગર ઉપરાંત ડીસા-કેશોદ-કંડલા-અમરેલી-વલ્લભવિદ્યાનગરમાં પણ સરેરાશ તાપમાન ૧૦ ડીગ્રીથી નીચે નોંધાયું હતું. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે, રાજકોટ, ભાવનગર અને પોરબંદરમાં કોલ્ડવેવની સ્થિતિ બનશે. જમ્મુ-કાશ્મીરમાં ઠંડી ૩૦ વર્ષનો રેકોર્ડ તોડી રહી છે. બે દિવસ પહેલાં કાશ્મીરમાં થયેલી બરફવર્ષાની અસરથી તાપમાનનો પારો સતત નીચે સરકી રહ્યો છે.




રામ મંદિર નિર્માણ હેતુ નિધિ સમર્પણ કાર્યક્રમ અંતર્ગત મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા ૨૨,૨૨,૨૨૨ અંકે રૂપિયા બાવીસ લાખ બાવીસ હજાર બસો બાવીસ અર્પણ કરાયા છે. શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ, મહંત સદગુરૂ શ્રી ભગવતપ્રિયદાસજી સ્વામી વગેરે પૂજનીય સંતો દ્વારા આર.એસ.એસ.ના સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતની ઉપસ્થિતિમાં અશોકભાઈ રાવલ, વિશ્વ હિન્દુ પરિષદ-ગુજરાત ક્ષેત્રીય મંત્રી અર્પણ કરવામાં આવ્યો હતો.

## બ્રૂકફિલ્ડ ઈન્ડિયા રિયલ એસ્ટેટ ટ્રસ્ટ્સનો ઈસ્યુ ત્રીજીએ ખુલશે

બ્રૂકફિલ્ડ ઈન્ડિયા રિયલ એસ્ટેટ ટ્રસ્ટ (“બ્રૂકફિલ્ડ REIT”) ભારતની એકમાત્ર ૧૦૦ ટકા સંસ્થાગત રીતે મેનેજ થતી પબ્લિક કમર્શિયલ રિયલ એસ્ટેટ કંપની છે, કંપનીની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (“આઈપીઓ”) ૩ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ ખુલશે, જેની પ્રાઈસ બેન્ડ રૂ. ૨૭૪ થી રૂ. ૨૭૫ છે. બ્રૂકફિલ્ડ REIT ૩૮,૦૦૦ મિલિયન સુધીના યુનિટ ઈશ્યૂ કરશે (“ઈશ્યૂ”). ઈશ્યૂ સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈનડિયા (રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૪, સુધારા મુજબ (“REIT રેગ્યુલેશન્સ”)ના નિયમન ૧૪(૧) હેઠળ લાવવામાં આવ્યો છે.

બ્રૂકફિલ્ટ REITના યુનિટનું લિસ્ટિંગ મ્જીઈ લિમિટેડ (“BSE”) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (“દ્રજીઈ”, મ્જીઈ સાથે સંયુક્તપણે, “સ્ટોક એક્સેચન્જીસ”) પર લિસ્ટેડ થશે. બ્રૂકફિલ્ડ REITને અનુક્રમે ૨ નવેમ્બર, ૨૦૨૦ અને ૫ નવેમ્બર, ૨૦૨૦ના રોજ લખેલા પત્રનાં સંબંધમાં અમારા યુનિટનું લિસ્ટિંગ કરવા માટે BSE અને NSEએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. BSE ઈશ્યૂ માટે નિયુક્ત સ્ટોક એક્સચેન્જ છે.

## કોલના જ અંતરે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી. ખેડૂત આંદોલન અને સંસદના કામકાજને ધ્યાનમાં રાખતા બજેટ સત્ર પહેલા સર્વપક્ષીય બેઠ્ક બોલાવવામાં આવી હતી. શુક્રવારે લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ નેતાઓ સાથે એક બેઠક કરી હતી. તેમણે લોકસભામાં તમામ પક્ષોના નેતાઓને સદનની ગરીમાનું સમ્માન કરવા અનુંરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ પહેલા બજેટ સત્રના પહેલા જ દિવસે ૨૦ રાજકીય પક્ષોએ રાષ્ટ્રપતિના અભિભાષનો બહિષ્કાર કર્યો હતો. તેથી સરકારનો પ્રયાસ છે કે ખેડૂતોના મુદ્દે સંસદમાં કોઇ ઉહાપો ન થાય. સંસદનું બજેટસત્ર શુક્રવારે શરૂ થઈ ગયું છે. આ પહેલાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનું બજેટ અભિભાષણ થયું. તેમણે ૨૬ જાન્યુઆરી લાલકિલ્લા પર થયેલા તિરંગાના અપમાનને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યું. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે બંધારણ તમામને અભિવ્યક્તિની આઝાદી આપે છે, અભિવ્યક્તિનું સન્માન કરે છે. તો એ જ બંધારણ તમામને કાયદાનું પાલન કરવા માટે પણ કહે છે.

# રાજ્યમાં નવા ૩૨૩ કેસ નોંધાયા : બે દર્દીના મોત

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. આજે રાજ્યમાં નવા ૩૨૩ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૪૪૧ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૫૩,૩૬૮ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૬.૯૯ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઈન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે.